# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-12-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. ગુજરાત સહિત છ રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં SIRની મુદત લંબાવાઇ - રાજ્યમાં હવે 14 ડિસેમ્બર સુધી ગણતરી પત્રકો જમા કરાવી શકાશે
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે બનાસકાંઠા જિલ્લાને એક હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોની ભેટ
3. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, દાહોદ જિલ્લામાં પોલીસે રાજ્યની પ્રથમ AI-આધારિત કાર્યવાહી કરી.
4. 719 કરોડ રૂપિયાના સાયબર ગુનામાં બેન્ક મેનેજર સહિત વધુ 4 આરોપીઓની ધરપકડ
5. નલિયામાં રાજ્યની સૌથી વધુ ઠંડી - લઘુત્તમ તાપમાન 9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું
6. ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે ચંદીગઢમાં બીજો T20 મુકાબલો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## SIR REVISED STATEMENT

કેન્દ્રીય ચૂંટણી પંચે ગુજરાત સહિત છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા-SIR માટેના સમયપત્રકમાં સુધારો કર્યો છે. તેમાં ગુજરાત ઉપરાંત, તમિલનાડુ, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને ઉત્તર પ્રદેશનો સમાવેશ થાય છે.

સુધારેલા સમયપત્રક મુજબ, ગુજરાત અને તમિલનાડુમાં હવે 14 ડિસેમ્બર સુધીમાં આ કવાયત પૂર્ણ કરશે. એટલે કે 14 ડિસેમ્બર સુધી ગણતરી પત્રકો જમા કરાવી શકાશે. આ બંને રાજ્યોમાં 19 ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પડશે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન અને નિકોબાર ટાપુઓ માટે ગણતરી પત્રકો જમા કરાવવાની અંતિમ તારીખ 18 ડિસેમ્બર જ્યારે ઉત્તર પ્રદેશ માટે 26 ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

-------------

# CM BANASKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેથી એક હજાર કરોડ રૂપિયાથી વધુ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. જેમાં 562 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન 24 કિલોમીટર લંબાઈના પાલનપુર ગ્રીનફિલ્ડ બાયપાસ માર્ગનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, વિશ્વનો સૌથી મોટો રિન્યૂએબલ એનર્જી પાક ગુજરાતમાં બની રહ્યો છે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

મુખ્યમંત્રીના હસ્તે આજે સાતથી વધુ વિકાસ કાર્યોનું લોકાર્પણ તથા 15 થી વધુ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું જેમાં ઉમરદશી નદી પર નવીન ચાર માર્ગીય પુલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પાલનપુર ખાતે અનુસૂચિત જાતિના વિધાર્થીઓ માટે કુમાર છાત્રાલયનું લોકાર્પણ અને લક્ષ્મીપૂરા ખાતે 71 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રેલવે ઓવર બ્રિજ અને પાટણ-ડીસા માર્ગ પર 125 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે ચાર માર્ગીય રેલવે ઓવર બ્રિજનું ખાતમુહૂર્ત કરાયું. આ પ્રસંગે સશક્ત નારી મેળાનો પણ શુભારંભ કરાયો.

-------------

## SANGHVI DAHOD AI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, દાહોદ જિલ્લામાં પોલીસે રાજ્યની પ્રથમ AI-આધારિત કાર્યવાહી કરી. ગાંધીનગરમાં મહાત્મા મંદિરમાં યોજાઇ રહેલી પ્રાદેશિક એ.આઈ. ઇમ્પેક્ટ પરિષદના શુભારંભ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું, દાહોદમાં મશીન-લર્નિંગ મોડેલોએ માદકપદાર્થના છોડને ઓળખ્યા અને ડ્રોન સર્વેલન્સથી એક કરોડથી વધુ કિંમતનો માદક પદાર્થ પકડી પાડ્યો.

(બાઇટ : હર્ષ સંઘવી , નાયબ મુખ્યમંત્રી)

-------------

## DHUVARAN DATA CABLE LANDING STATION

હાઇપર સ્કેલ અને એન્ટરપ્રાઇઝ ડેટા સેન્ટર માટે ગુજરાતને પસંદગીનું સ્થળ બનાવવાની દિશામાં એક મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. તે અંતર્ગત આણંદ જિલ્લાના ધુવારણમાં ડેટા કેબલ લેન્ડિંગ સ્ટેશન કાર્યરત થશે. આ પ્રોજેક્ટ માટે ગાંધીનગરમાં યોજાયેલી પ્રાદેશિક એ.આઈ. ઇમ્પેક્ટ પરિષદમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સમજૂતી કરાર-MOU કરાયા.

રાજ્ય સરકાર - ગિફ્ટ સિટી અને એનોક્સ આઈ.ટી. એન્ડ ડેટા સેન્ટર્સ વચ્ચે થયેલા MOU અંતર્ગત 1317 કરોડ રૂપિયાનું રોકાણ થશે અને 1300થી વધુ પ્રત્યક્ષ-પરોક્ષ રોજગારીનું સર્જન થશે. આ સ્ટેશનની સ્થાપનાથી માહિતી કેન્દ્ર અને માહિતી ટેકનોલોજી માળખું વિકસિત થશે.

-------------

# GANDHINAGAR CYBER FRAUD

719 કરોડ રૂપિયાના સાયબર ગુનામાં બેન્ક મેનેજર સહિત વધુ 4 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ભાવનગરની એક બેન્ક શાખાના મેનેજરે KYC વિના જ બેન્ક ખાતા ખોલ્યા હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં અગાઉ 10 આરોપીઓની ધરપડક કરવામાં આવી હોવાનું સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના પોલીસ અધિક્ષક સંજય કેશવાલાએ જણાવ્યું.

(બાઈટ-સંજય કેશવાલા, SP)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# DWARKA AMBERGRIS

દ્વારકા જિલ્લામાંથી દોઢ કરોડ રૂપિયાથી વધુની કિંમતની વ્હેલ માછલીની ઉલટી એટલે કે એમ્બરગ્રીસ સાથે બે શખ્સ ઝડપાયા છે. સ્થાનિક ગુના શાખાએ ચોક્કસ માહિતીના આધારે ટ્રેપ ગોઠવી આ બંને આરોપીની ધરપકડ કરી છે. હાલ બંનેની પૂછપરછ શરૂ કરી વધુ તપાસ હાથ ધરાઇ હોવાનું નાયબ પોલીસ અધિક્ષક સાગર રાઠોડે જણાવ્યું.

(બાઈટ - સાગર રાઠોડ, Dy.SP દ્વારકા)

-------------

# Gujarat Pollution Control Board

રાજ્યમાં હવા અને પાણીની ગુણવત્તા માપન માટે  ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ-GPCB દ્વારા બે ‘પર્યાવરણીય મોનિટરિંગ મોબાઇલ વાન’ એન્વાયરમેન્ટ ડેમેજ કંમ્પેનસેશન-EDC ફંડ હેઠળ 5.76 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે કાર્યરત કરાઇ છે. આ મોબાઈલ વાનના કાર્યક્ષેત્રમાં બે ઝોનમાં રાજ્યના તમામ જિલ્લાઓને આવરી લેવાયા છે.

આ મોબાઇલ વાનમાં આધુનિક વિશ્લેષણ ઉપકરણો, ડિટેક્ટરો અને પોર્ટેબલ સાધનોનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ વાનનો ઉપયોગ કેમિકલ ઉદ્યોગ વિસ્તારો, GIDC, SEZ તથા અન્ય સંભવિત પ્રદૂષણગ્રસ્ત વિસ્તારોમાં કરવામાં આવી રહ્યો છે., જેમાંથી જે તે વિસ્તારની હવા અને પાણીની ગુણવત્તા ચકાસીને તેની ઉપર યોગ્ય પગલાં ભરવા આ વાન નિર્ણાયક ભૂમિકા ભજવી રહી છે.

-------------

# LS - Indian fishermen

લોકસભામાં શૂન્યકાળ દરમિયાન આજે દમણ-દીવના અપક્ષ સાંસદ ઉમેશભાઈ બાબુભાઈ પટેલે ગૃહમાં વર્ષોથી પાકિસ્તાની જેલમાં બંધ 209 ભારતીય માછીમારો તાત્કાલિક મુક્તિની માંગ કરી.

સાંસદે માહિતી આપી કે આ માછીમારોમાંથી 134 ગુજરાતના છે અને 24 તેમના સંસદીય મતવિસ્તાર, દમણ-દીવના છે. ઘણા માછીમારો તેમની જેલની સજા પૂર્ણ કરી ચૂક્યા છે, છતાં પાકિસ્તાન તેમને મુક્ત કરી રહ્યું નથી.

-------------

# WEATHER

આગામી સાત દિવસ રાજ્યમાં લઘુતમ તાપમાનમાં મોટો ફેરફાર નહીં થાય. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની ઝડપ 15 થી 20 કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. બીજી તરફ નલિયામાં સૌથી વધુ ઠંડી સાથે 9 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું જે અગાઉ 10 ડિગ્રી સેલ્સિયસ હતું જેમાં એક ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થતા નલિયા સૌથી ઠંડુ શહેર બન્યું. જ્યારે અમદાવાદમાં 13.4 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. આ અંગે હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે વધુ માહિતી આપી.

(બાઇટ : ડૉ.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

-------------

# CRICKET

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચ T20 ક્રિકેટ મેચ શ્રેણીનો બીજો મુકાબલો આજે ચંદીગઢના મહારાજા યાદવિન્દ્ર સિંહ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ રહ્યો છે. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ પ્રમાણે દક્ષિણ આફ્રિકાના 3 ઓવરમાં વિના વિકેટે 22 રન થયા છે.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ભારતીય ટીમ પાંચ મેચની T20 શ્રેણીમાં 1-0થી આગળ છે.

-------------

# PENSION ADALAT

પોસ્ટલ પેન્શનરને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે અમદાવાદ નવરંગપુરા પ્રધાન ડાકઘર ખાતે 30 ડિસેમ્બરે સવારે 10 કલાકે પેન્શન અદાલત યોજાશે. ત્યારે પેન્શનરના પ્રશ્નો અને ફરિયાદો 27 ડિસેમ્બર સુધી શ્રી પ્રવર ડાક અધિક્ષક, પ્રવર ડાક અધિક્ષકની કચેરી, પહેલો માળ, નવરંગપુરા પ્રધાન ડાકઘર, નવરંગપુરા બસ સ્ટેન્ડ સામે, અમદાવાદ શહેર વિભાગ, અમદાવાદ-380009ને મોકલવાની રહેશે. આ પેન્શન અદાલત અમદાવાદ શહેર વિભાગની પોસ્ટ ઓફિસને લગતી ફરિયાદો પૂરતી મર્યાદિત રહેશે.

-------------